**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળોએ પ્રસિધ્ધ કરવાની થતી ૧૭ મુદ્દાની માહિતી (પ્રોએકટીવ ડીસ્કલોઝર) બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પીએડી–૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈ સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૦૮–૦૮–૨૦૧૨

***વંચાણે લીધોઃ***
સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧–૦૫–૨૦૦૯ નો સમાનાંકી પરિપત્ર.

**પ રિ પ ત્ર :**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળોએ ૧૭ મુદ્દાની માહિતી (પ્રોએકટીવ ડીસ્કલોઝર) તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની રહે છે અને ત્યારપછી દર વર્ષે આ માહિતીને અદ્યતન કરવાની રહે છે.

૨. દરેક જાહેર સત્તામંડળોને પ્રોએકટીવ ડીસ્કલોઝરની માહિતી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની વિગતવાર સૂચનાઓ ઉપર વંચાણે લીધેલ તા.૦૧–૦૫–૨૦૦૯ ના સમાનાંકી પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ છે. આમ છતાં દરેક જાહેર સત્તામંડળો ધ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની આ જોગવાઈનો ચુસ્ત અમલ કરવામાં આવતો નથી તેવી રજુઆતો નાગરિકો ધ્વારા સરકારશ્રીને અવારનવાર કરવામાં આવે છે.

૩. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૪(૧)(ખ) હેઠળની માહિતી તૈયાર કરીને પ્રસિધ્ધ કરવાની અને આ માહિતીને દર વર્ષે અદ્યતન કરવાની તથા વેબસાઈટ ઉપર પણ પ્રસિધ્ધ કરવાની દરેક જાહેર સત્તામંડળની કાયદાકીય જવાબદારી બને છે. દરેક જાહેર સત્તામંડળે કાયદાની આ જોગવાઈઓ લક્ષમાં લઈને વધુમાં વધુ માહિતી આપમેળે પુરી પાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ કે જેથી લોકોને માહિતી મેળવવા માટે આ અધિનિયમના ઉપયોગની ઓછામાં ઓછી

જરૂર પડે. આ માહિતી લોકો સહેલાઈથી જોઈ શકે તે સ્વરૂપે અને તે રીતે તેનો બહોળો પ્રસાર દરેક જાહેર સત્તામંડળે કરવો જોઈએ. આપના નિયંત્રણ હેઠળના જાહેર સત્તામંડળો કાયદાની કલમ-૪(૧)(ખ) માં દર્શાવેલ મુદ્દાઓની માહિતી તૈયાર કરી પ્રસિધ્ધ કરે અને દર વર્ષે આ માહિતીને અદ્યતન કરીને કાયદાકીય જવાબદારી નિભાવે તે માટે જરૂરી સૂચનાઓ દરેક સત્તામંડળને આ વિભાગની તા.૦૧-૦૫-૦૯ ના સમાનાંકી પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈને તાકિદે પરિપત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

(બી.સી. પટેલ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
તમામ માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

ડેપ્યુટી ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
સચિવાલયના સર્વે વિભાગો.
– આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને પરિપત્રિત કરવા સારુ.
સર્વે જિલ્લા કલેકટરશ્રી.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ
ના.સે.અધિકારી સિલેકટ ફાઈલ
શાખા સિલેકટ ફાઈલ.

---

- પત્ર ધ્વારા